Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA


Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૧૯ • તા. ૦૯ મે ૨૦૧૬ થી ૧૫ મે ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

|| અનંતનાથાય નમઃ || || શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ||

## દ્વિતીય પુણ્યતિથીએ
## સ્મૃતિ - તર્પણ સ્મરણાંજલિ

જૈન સમાજરત્ન





વડીલો-દેવ-ગુરૂ-ધર્મના પૂજનારા,
દેવગુરૂના દિલમાં રહેનારા, મૌલિક આગવી વિચારધારા,
સ્પષ્ટ - નીડર વ્યક્તિત્વ ધરાવનારા,
સંઘર્ષભર્યા સંજોગોમાં પણ સર્વેને સાથે રાખી
એકતા સૂત્ર થઈ સંકટની સાંકડ બનનારા
પુણ્યશ્લોકી ''જૈન સમાજરત્ન''

**શ્રી વિનોદ રાયચંદ કાનજી ધુલ્લા**
સુથરી (મુલુંડ-મુંબઈ)
જીવનયાત્રા : ૨૯-૫-૧૯૪૯થી ૧૧-૫-૨૦૧૪



ગયા વર્ષે તા. ૦૨-૦૫-૨૦૧૫ના ભગવાન મહાવીરસ્વામિના જન્મ કલ્યાકના શુભ દિવસે વિવિધ ધાર્મિક અને સામાજિક સંસ્થાઓએ સાથે મળીને સમગ્ર જૈન સમાજની વિવિધ સંસ્થાઓમાં તેમણે કરેલા કાર્યોની સરહના કદર રૂપે **શ્રી વિનોદભાઈ ધુલ્લા** ને **''જૈન સમાજરત્ન''** ના મરણોત્તર ખિતાબથી સન્માનિત કર્યા.




વિનોદભાઈની પ્રથમ પુણ્યતિથી તા. ૧૧-૫-૨૦૧૫ના સ્મૃતિ તર્પણ શ્રધ્ધાંજલિ રૂપે સર્વે સમાજ માટે તેમણે કરેલા કાર્યોની કદર કરી બૃહદ મુંબઈ મહાનગરપાલિકાએ તેમના નામ મસ્જિદ બંદર નગરે શ્રી અનંતનાથ દેરાસરની બાજુમાંના ચોકનું નામકરણ **''સમાજસેવક શ્રી વિનોદભાઈ રાયચંદ ધુલ્લા ચૌક''** કર્યું.

આ વર્ષે દ્વિતીય પુણ્યતિથીએ તર્પણ સ્મરણાંજલિ રૂપે તેમના માદરે વતન કચ્છ-સુથરી ગામે **શ્રી સુથરી મહાતીર્થે સહિરક શતાબ્દી સ્મૃતિ પર્વ** તથા **૧૭૭મી ધ્વજારોહણ** અવસરે **''એકાદશાહ્નિકા મહા મહોત્સવ''**ના **''પરમાત્માની રથયાત્રા'' સપ્તમ પર્વ** બુધવાર, તા. ૧૧-૦૫-૨૦૧૬ના સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિનો લાભ તેમના પરિવાર **માતૃશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી ધુલ્લા**ને પ્રાપ્ત થયેલ છે.

એકતા સૂત્ર થઈ તમે કુટુંબની, સમાજની, ધર્મની વધારી શાન,
આપની સ્મૃતિ કરાવતી રહે સત્કર્મ પ્રેરણા ભાન...

લિ. **માતૃશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર** - કચ્છ - સુથરી (મુલુંડ-મુંબઈ)
તથા **Aarkay Group of Cos.**

# શ્રી અરિહંત કો.ઓ.બેંક લી. બોર્ડ ઓફ ડિરેક્ટરની ચુંટણી વર્ષ ૨૦૧૬-૨૦૨૧ના મતદારોનો હૃદયપૂર્વક આભાર


## જાગૃત મતદારોએ કર્યો પોકાર, જેનાથી થયો નક્કર પરિવર્તનનો આકાર

## સ્ટાર પેનલ એટલે યુવાધન અને અનુભવીનું સંગઠન એટલે કે દૂધ-સાકર અને કેશરનું મિલન

### સંચાલક ચૂંટણીમાં પ્રથમ, દ્વિતીય અને ત્રિતીય ક્રમાંક સહિત પારદર્શક પેનલના ૧૧ માંથી ૮ ઉમેદવારોનો જવલંત વિજય



મૈશેરી મુકેશ દામજી



છેડા હંસકુમાર લક્ષ્મીચંદ



શાહ ડોલર પ્રતાપ



કારાણી યશોધન રાયચંદ



દંડ હિરાચંદ દામજી



ખોના (કાયાણી) કિશોર ખીમજી



ખોના મહેંદ્ર દેવજી

મહિલા આરક્ષિત

સ્ટાર પેનલ



લોડાયા જલ્પા ઉત્તીન

સ્ટાર પેનલ

આવી સંઘહિતકારી સમજદારી બતાવવા બદલ સર્વ મતદારોનો તેમજ સમાજના અગ્રણીઓ જેમણે સમગ્ર સમાજને આવહાન આપી સ્ટાર પેનલના ઉમેદવારોને વિજયી બનાવવા પીઠબળ અને ઉત્સાહ પુરું પાડ્યું

પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાથ-સહકાર આપનાર સર્વેનો
હાર્દિક આભાર માની ઋણ સ્વીકાર કરીએ છીએ.

**લિ. સ્ટાર પેનલના ૧૧ ઉમેદવારો વતી આભાર**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાસવીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 19/2016**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# અરિહંત બેંકના વહીવટમાં નવું સકારાત્મક વાતાવરણ સર્જાશે ?

છેલ્લાં પાંએક વર્ષથી અરિહંત બેંકના ડાયરેક્ટર બોર્ડમાં ત્રણેક જુથો વચ્ચે જે તણાવ અને આક્ષેપ-પ્રતિઆક્ષેપોનો દોર જારી રહ્યો તે તાજેતરમાં યોજાયેલ ચૂંટણી દરમ્યાન એકાદ માસ સુધી છવાયેલો જોવા મળ્યો તે સ્વાભાવિક હતું. પરંતુ છેવટે શેર હોલ્ડરોએ જે રીતે ચૂકાદો આપ્યો છે તેને ઈચ્છનીય અને આવકાર્ય ગણાવતા. અભિપ્રાયો અને પ્રતિભાવો શેર હોલ્ડરો અને ત્રણે જુથો સુધ્ધામાં પણ આ તબક્કે વ્યક્ત થઈ રહ્યા છે તે એક રીતે એટલે કે જ્ઞાતિની અને ખાસ કરીને મુંબઈની જ્ઞાતિના સમાજ જીવનના દષ્ટિકોણથી સંતોષનો વિષય બન્યો છે.

કમનસીબે અરિહંત બેંક પણ આપણા જ્ઞાતિ અગ્રણીઓ વચ્ચે સતત ખેલાતા રહેતા રાજકારણનો ભોગ બનતી આવી છે. આ સઘળી કાવાદાવાવાળી ખટપટ પર હવે પૂર્ણવિરામ મૂકાય તેવા સંજોગો ઊભા થાય છે તેવો આશાવાદ રાખવા એકથી વધારે કારણો છે.

નવનિર્વાચિત ડાયરેક્ટરોમાં નવા ડાયરેક્ટરોની બહુમતિ છે. બેંકની નીતિઓ અને બોર્ડની નિર્ણય પ્રક્રિયામાં હવે સકારાત્મક રીતે ફેરફાર થવાના સંકેત સાથે ત્રણેક નવા પીઢ, બે નવા યુવા, બે નવી મહિલા ડાયરેક્ટરોની પોત-પોતાની સ્વતંત્ર પ્રતિભા અને જ્ઞાતિજનોમાં તેમની સુચારૂ પ્રતિભા સાથે હવેથી મહત્ત્વનો ભાગ ભજવશે એવા નિર્દેશો મળે છે તે સૂચક છે.

અલબત્ત, જુના ડાયરેક્ટરોમાંથી બહુમત ડાયરેક્ટરોએ પણ પોત પોતાની સબળ પ્રતિભા, પ્રતિમા અને સક્ષમતાથી બેંકના વહીવટને છેલ્લાં ઘણાં વર્ષોથી સુરેખપણે નિભાવ્યું સંચાલન સંભાળ્યું છે પરંતુ આ સાત નવા ડાયરેક્ટરોની ઉપસ્થિત બોર્ડની સભાઓમાં વિવિધ જટિલ મુદ્દાઓ અંગે થનાર વિચાર વિમર્શ અને નિર્ણય-પ્રક્રિયામાં હકારાત્મક અને વસ્તુલક્ષી વાતાવરણ ઊભું થશે તેવી શક્યતા વધુ છે, તેવો આશાવાદ પણ પ્રબળ બન્યો છે.

અત્યારસુધી જુદા જુદા જુથો દ્વારા અન્યોન્ય સામે આક્ષેપો થતા તેમાં બંને પક્ષે ઓછા કે વધુ પ્રમાણમાં સત્યાંશ તો રહેતો. તેવી જ રીતે અમુક ડાયરેક્ટરો દ્વારા બેંકના વહીવટમાં કાનૂની રીતે ક્ષતિઓ કે ત્રુટિઓ થતી હોવા અંગે રીઝર્વ બેંક તેમજ કો-ઓપરેટીવ સોસાયટીના રજીસ્ટાર સમક્ષ રજુઆતો-ફરિયાદો થતી તેમાં પણ વધુ કે ઓછા પ્રમાણમાં સત્યાંશ રહેતો પરંતુ કાનૂની મુદ્દાઓમાં બહુ બારીકાઈથી પિષ્ટપિંજણ કરવાથી સરકારી સંસ્થાઓ અને અમલદારોમાં બેંકની પ્રતિમા ખરડાતી હોય કે બેંકના દૈનિક વહીવટમાં આડખીલી સર્જાતી હોય તો તે વિષે સમુચિત ખેવના રાખવી જરૂરી છે.

છેલ્લાં દશેક વર્ષો દરમ્યાન બેંકના ડાયરેક્ટર બોર્ડમાં આ પ્રકારના સૈધ્ધાંતિક અને વિચારધારાઓમાં તીવ્ર મતભેદો તથા આક્ષેપો-પ્રતિઆક્ષેપોનો માહોલ રહ્યો હોવા છતાં બેંકના વહીવટ અને તેની આર્થિક સક્ષમતા અંગેની પ્રતિમા એકંદરે સારી રીતે જળવાઈ રહી છે.

થોડા સપ્તાહોમાં જ બેંકના મુખ્ય સંચાલકો તરીકે ચેરમેન અને વાઈસ ચેરમેનની નિમણુકો કરવા ડાયરેક્ટર બોર્ડની સભા બોલાવશે. તે પહેલાં નવનિર્વાચિત ડાયરેક્ટરો અવિધિસર રીતે મળીને નિખાલસતા, ખેલદિલી અને ચૂંટણી પહેલાંની જુથબાજી ભૂલી પૂર્વગ્રહરહિત અભિગમ દાખવે જેથી ન કેવલ ઉક્ત નિમણુંકો બાબતે પરંતુ આગામી પાંચ વર્ષ લગી એક ઉત્કૃષ્ટ ઐક્ય ધરાવતા ટ્રસ્ટબોર્ડ તરીકેની તેમની પ્રતિમા ઉભરે તે બાબતે બેંકના શેર હોલ્ડરો અને જ્ઞાતિને સુરેખ પ્રતીતિ મળી રહે.

**જ્ઞાતિ અગ્રણીઓ તથા અરિહંત બેંકના શેર હોલ્ડરોના પરિણામ જાણ્યા પછીના પ્રતિભાવોનું સંકલન**

## સંસ્થા સમાચાર મોકલનારાઓ ધ્યાન રાખો.

સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવાની સૂચના આપ્યા છતાં ઘણા બહૂજ લાંબી વિગતોવાળા સમાચાર મોકલે છે, પ્રકાશ સમીક્ષાની દાયકાઓની પ્રણાલિકા પ્રમાણે વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. ઉપરોક્ત વિગતો પ્રગટ કરવા તે માટેનું યોગ્ય માધ્યમ જાહેરાત છે સમાચાર વિભાગ નહીં. વળી કાર્યક્રમની શરૂઆતમાં નવકાર મંત્ર પઠન થયું, પ્રાર્થના થઈ, નૃત્ય રજુ થયું કે કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, કયા કાર્યક્રમમાં શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો નાસ્તો કે જમણ લઈને છૂટા પડ્યા, કયા કયા મહાનુભાવો પધારીને પ્રસંગની શોભા વધારી એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## સૂચના : સરનામા બદલાય ત્યારે મોકલવાની વિગતોની ખાસ નોંધ લેવા વિનંતિ.

આપના બદલાયેલા સરનામા પર 'પ્રકાશ સમીક્ષા'ના અંકો મેળવવા કે તેની નોંધ 'પ્રકાશ સમીક્ષા'માં પ્રકાશિત કરવા અંગેના આપના પત્રવ્યવહાર કે અમને ઈ-મેઈલ મોકલતી વખતે નીચેના સૂચનોની ખાસ નોંધ લેવા વિનંતી છે.

૧. તમારા લેન્ડ લાઈન અને મોબાઈલના બધા નંબરો જણાવશો.

૨. અમારી જાણ માટે તમારું પુરું નામ (દાદાના નામ સહિત), જ્ઞાતિમાં પ્રચલિત અટક અને કચ્છ/હાલારનું ગામ પણ જણાવવું.

૩. 'પ્રકાશ-સમીક્ષા'ના છેલ્લા પાના પર નીચે જમણી બાજુએ ચોંટેલ સરનામાના લેબલ પર પ્રથમ પંક્તિમાં આપનો ગ્રાહક નંબર દર્શાવ્યો છે તે નંબર અચૂક જણાવશો.

૪. શક્ય હોય તો સરનામું બદલાયાની અગોતરી જાણ કરશો. આપના નવા સરનામાના લેબલ બનતાં ત્રણ-ચાર અઠવાડિયાનો સમય થાય છે.

૫. જુનું સરનામું પણ જણાવશો.

૬. સરનામું બદલાયાની જાણ પોતે જ કરવી. અન્ય વ્યક્તિ મારફત મોકલાતા પત્રો કે ઈ-મેલમાં અધુરાશ કે ક્ષતિઓ થતી હોય છે.

૭. સરનામું ચાર લાઈનમાં પૂરું કરવું. પીન કોડ પણ સ્પષ્ટ લખવું.

૮. સરનામું બદલવા અંગે મોકલાયેલા ઈ-મેઈલના પ્રત્યુતરમાં અમારા ઈ-મેઈલનો બનતી ત્વરાએ ઉત્તર/ માહિતી મોકલવા.

### અંકો ન મળતા હોય તો

આપને અંક બિલકુલ ન મળતા હોય તો ક્યારથી તે મળતા નથી તે જણાવશો, જેમાં તમારું જુનું સરનામું, હાલનું સરનામું, ગ્રાહક નંબર અને સંપર્કના ટેલિફોન (મોબાઈલ-લેન્ડ લાઈન) નંબરો પણ જણાવવા.

### અંકો મોડા મળતા હોય તો

અમને પોસ્ટ વિભાગના નિયમાનુસાર દર સપ્તાહે મંગળ/બુધવારે 'પ્રકાશ-સમીક્ષાના' અંકો પોસ્ટ કરવા ફરજિયાત છે. મુંબઈ જી.પી.ઓના પત્રિકા વિભાગમાં અમે દરેક શહેરે, પરા, ગામના પીન કોડ પ્રમાણે અલગ-અલગ બંડલોમાં આ અંકોની લગભગ ૭૨૦૦ પ્રતો સુપ્રત કરીએ છીએ. જે મોડામાં મોડા બીજા/ત્રીજા દિવસે આપની સ્થાનિક પોસ્ટ ઓફિસમાં પહોંચી જતી હોય છે. આપને એક સાથે ત્રણ-ચાર અંકો મળતા હોય તો સ્થાનિક પોસ્ટમાં લેખિત ફરિયાદ કરી પહોંચ લેવી જેની નકલ અમને મોકલવી જેથી અત્રે જી.પી.ઓમાં તેની જાણ કરી શકાય.

દરેકે દરેક વૃતપત્ર, મેગેઝીનના ગ્રાહકોને અંકો મોડા કે ત્રણ-ચાર અંકો એક સાથે મળતા હોય છે જે સ્થાનિક પોસ્ટના કર્મચારીઓના આળસ કે ઓછા સ્ટાફના કારણે બનતું રહે છે.

## અરિહંત બેંકની ચૂંટણીમાં ૧૨માંથી ૭ નવા ચેહેરા

અરિહંત કો.-ઑપ. બેંકના ડાયરેક્ટરોની શનિવાર તા. ૩૦-૪-૨૦૧૬ના ભાંડુપના પરાગ વિદ્યાલયમાં યોજાયેલી ચૂંટણીમાં મતદારોએ પ્રભાવશાળી નવા ચહેરાઓને પ્રાધાન્ય આપેલું સ્પષ્ટ જણાઈ આવ્યું. કુલ ૧૨ જણને ડાયરેક્ટ તરીકે ચૂંટવાના હતા તેમાંથી ૭ નવા છે.

નવા ચૂંટાયેલાઓના ક્રમ પણ નોંધપાત્ર છે મુકેશ દામજી મૈશેરી પ્રથમ ક્રમે, જલ્પા ઉત્તીન લોડાયા તૃતીય ક્રમે, ડોલર પ્રતાપ શાહ ચોથે ક્રમે, યશોધન કારાણી છ ક્રમે, હિરાચંદ દંડ ૭મે ક્રમે ચૂંટાયા છે. નવાઓમાં માત્ર જય હરીશ ડાઘા ૧૧મે ક્રમે તથા મનિષા પોલડીયા ૧૨ મે ક્રમે ચૂંટાયા છે.

જૂનાઓમાં ૨જે ક્રમે આવેલા હંસકુમાર છેડા અને પાંચમે ક્રમે આવેલા ગુલાબ શાહ (ધરમશી) ક્રમ જાળવી શક્યા છે. ૮મે ક્રમે આવેલા કિરણ મોમાયા, ૯મે ક્રમે આવેલા કિશોર કાયાણી અને ૧૦ મે ક્રમે આવેલા મહેન્દ્ર ખોના આદિ પાછલા ક્રમે ધકેલાયા છે.

**ચૂંટણી પરિણામ :**

**વિજેતા ઉમેદવાર :** (૧) મુકેશ દામજી મૈશેરી - ૯૧૦, (૨) હંસકુમાર છેડા - ૯૦૭, (૩) જલ્પા ઉતીન લોડાયા - ૯૦૫, (૪) ડોલર પ્રતાપ શાહ - ૮૮૫, (૫) ગુલાબ શાહ - ૮૫૭, (૬) યશોધન કારાણી - ૮૪૧, (૭) હિરાચંદ દંડ - ૮૩૪, (૮) કિરણ મોમાયા - ૭૬૧, (૯) કિશોર કાયાણી ૭૬૧, (૧૦) મહેન્દ્ર ખોના - ૭૬૦, (૧૧) જય હરીશ ડાઘા - ૭૩૬, (૧૨) મનિષા પોલડીયા - ૭૨૫.

**પરાજિત ઉમેદવાર :** (૧૩) કૈલાસ ડાઘા - ૭૧૧, (૧૪) અલ્કા દંડ - ૭૧૧, (૧૫) અશ્વિન મૈશેરી - ૬૫૮, (૧૬) પ્રમોદ સોની - ૫૫૫

---

**સુધારીને વાંચવું**

### શ્રી ક.દ.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ
### એપ્રિલ-૧૫ થી માર્ચ-૧૬ સુધી મળેલ શાળા ફી - પુસ્તક સહાયભેટ

- પ્રથમ નોંધમાં વેદા મેકાનીની સ્મૃતીમાં રૂા. પચાસ લાખનું વ્યાજ વપારવાની શરતે ભેટ આપનાર વેદા મેકાની મેમોરીયલ ટ્રસ્ટ હસ્તેનું નામ અ.સૌ. કિર્તીદાબેન ભરત મેકાની વાંચવું તેઓ શ્રી નવિનચંદ્ર મુલજી સોનાવાલા (નલિયા - બેંગલોર)ના સુપુત્રી છે.
- બાંઢીયા ગામના દાતામાં દલાલ શા. હિરજી શિવજી એન્ડ કાં. હસ્તે પરેશભાઈ લોડાયાની રકમ રૂા. ૨૫૦૦ વાંચવી.
- નલિયા ગામના દાતાઓની પ્રથમ નોંધમાં શેઠ નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ દ્વારા અપાયેલ રકમ રૂા. ૨,૫૦,૦૦૦/- વાંચવી.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ

### (શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચે. ટ્રસ્ટ, વીરજી લધાભાઈ ટ્રસ્ટ, મણી માણેક ચે. ટ્રસ્ટ, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડસ

S.S.C. (10th) માટે કોચીંગ ક્લાસીસની ફી તથા ધોરણ ૧૧ થી ગ્રેજ્યુએશન, પોસ્ટગ્રેજ્યુએશન કરતા ભારતભરમાં કોઈપણ સ્થળે રહી અભ્યાસ કરતા કેડીઓ વિદ્યાર્થીઓને કોલેજફી, હોસ્ટેલ ફી, કોચીંગ ક્લાસીસ ફી, વગેરે માટે **વગર વ્યાજે** લોન આપવામાં આવે છે.

**ફૉર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦મી જુન ૨૦૧૬ છે.**

વધુ વિગત કાર્યાલયમાંથી મેળવી લેવી.

### -: અરજીફોર્મ મેળવવાનું તથા ભરીને પાછું આપવાનું સ્થળ :-

**શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ**

લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : 022-2510 0157 / 2513 3174

અરજીફોર્મ મેળવવાનું તથા ભરીને પાછું આપવાનું રહેશે :

ગુરૂવાર થી મંગળવાર સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૩૦ દરમ્યાન

અરજીફોર્મ Website add : www.kdoedu.in પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

**નોંધ :** અરજીફોર્મ સાથે બીડેલ પ્રત્યેક ફોટોકોપી ડોક્યુમેન્ટની ઓરીજીનલકોપી ઇન્ટરવ્યુ દરમ્યાન સાથે લાવવી. લોન અરજીફોર્મ નવા બનાવેલ છે, જુના અરૂજીફોર્મ સ્વીકારશે નહીં, નવા અરજીફોર્મ સંસ્થાની ઓફિસેથી મેળવી ભરવાના રહેશે. અરજીફોર્મ સંસ્થાની વેબસાઈટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

## વહીવંચા અને આપણો ઈતિહાસ

**રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ) મો. 098203 36767

આપણી જ્ઞાતિની કુલ સંખ્યામાંથી ૨૦% સંખ્યા ધરાવતું અને જ્ઞાતિ વસવાટનાં ૪૭ ગામોમાંથી ૩૩ ગામોમાં વસવાટ ધરાવતું ૩૬ નુખો (ગોત્ર) પૈકીનું પ્રમુખ ગોત્ર 'લોડાયા' ગોત્ર છે.

જ્ઞાતિ ઈતિહાસકાર મુ. શ્રી જેઠાભાઈ દેવજી નાગડા લોઢા, લોઢાયા, લોઢાયણમાંથી અપ્રભંશ લોડાયા થયું છે એમ નોંધે છે. એમના કથાનક મુજબ પૃથ્વીરાજ ચૌહાણના સુબેદાર લાખણસિંહને પુત્ર નહીં. જૈનાચાર્ય પાસે મંત્રીના કહેવાથી ગયો અને પુત્ર પ્રાપ્તિની વિનંતી કરી. ગુરૂ કહે હિંસા, શિકાર છોડી જૈન ધર્મ પાળવાનું વચન આપો તો આશીર્વાદ આપું. લાખણસિંહ તૈયાર, થોડા દિવસ બાદ પત્ની ગર્ભવતી બની. લાખણસિંહને ગુરૂ ઉપર ભરોસો નહીં અને થયું કે મારા ભાગ્ય યોગે પુત્ર થશે. ગુરૂ વચનો ભુલી ફરી હિંસા કરવા લાગ્યો. પુત્ર જનમ્યો પરંતુ માંસના લોચા જેવો. લાખનસિંહ ગુરૂ ચરણે જઈ માફી માંગી. ગુરૂએ કરૂણા કરી વડલાઈ માતાનું સ્મરણ કર્યું. દેવીએ પ્રગટ થઈ લાખનસિંહને કહ્યું પુત્રને આ વડ નીચે વસ્ત્રમાં લાવી મુકો અને આ પાણીનો તેના પર છંટકાવ કરો. લાખનસિંહે તેમ કર્યું તો માંસના લોચામાંથી રૂપાળો પુત્ર બની ગયો. તેણે જૈન ધર્મ સ્વીકાર્યો. ગુરૂએ લોઢા ગૌત્ર નામ સ્થાપ્યું.

બીજા કથાનક મુજબ સાંભરના ચૌહાણ વાકપતિરાજને ત્રણ પુત્રો હતા (૧) સિંહરાજ (૨) લાખણ (૩) વત્સરાજ. સિંહરાજ સાંભરની ગાદીએ બેઠો, લાખણે નાડોલમાં રાજ્ય સ્થાપ્યું અને વત્સરાજને જાગીર મલી. સિંહરાજના વંશમાં વિશલદેવ ત્રીજો થયો તેનો પુત્ર પૃથ્વીરાજ થયો. પૃથ્વીરાજના પુત્ર અભયરાજે અજમેર વસાવ્યું અને પોતાના એક ભાઈ લોહાજીને સુબેદાર નીમ્યો. લોહાજીએ મંડોવર નજીક લોહાનગર બસાવ્યું તેનો પુત્ર લાખણસિંહ થયો જે જૈની થયો અને પિતાના નામ પરથી લોઢા ગોત્ર બન્યું.

લોઢા ગોત્રની પુરૂષોના નામ પરથી : ચાર શાખા નીકળી ટોડરમલ, છજમલોત, રતનપાલોત, ભાવસિંહાત. ટોડરમલ અને છજમલને અકબરે શાહની પદવી આપી. આ ગોત્રમાં કુરપાલ અને સોનપાલ નામના આગ્રામાં બે ભાઈઓ થઈ ગયા, જેમણે આગ્રામાં જૈન મંદિરો બંધાવ્યા. જહાંગીરના રાજ્યકાલ દરમ્યાન એમના ગુરૂ દાદા કલ્યાણસાગરસૂરિ હતા. જેમણે મહાકાલી માતાની આરાધનાથી જહાંગીર બાદશાહને પથ્થરની મૂર્તિએ હાથ ઉંચો કરી જહાંગીરને ધર્મલાભ આપ્યા હતો.

મુ. શ્રી જેઠાભાઈ નાગડાએ નોંધેલ ત્રીજા કથાનક મુજબ ગુજરાતની સરહદે મારવાડમાં આવેલ ગામ લોડલાઈના રાઠોડ ઠાકોરે સં. ૧૫૫૦ (ઇ.સ. ૧૪૯૪)માં જૈન ધર્મ અંગીકાર કર્યો

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઇ-૪૦૦ ૦૦૯.

**આવાસ યોજના**

મુંબઈ મહાજનશ્રીની હદમાં રહેતા, જરૂરતમંદ, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો **'આવાસ યોજના'**ના 'માહિતી પત્રક' ઉપરોક્ત સરનામેથી **તા. ૧૬-૦૫-૨૦૧૬ થી તા. ૩૦-૦૬-૨૦૧૬** સુધી **બપોરના ૧૨.૩૦ થી સાંજે ૬.૦૦** વાગ્યા સુધી સાધારણ ખાતામાં રૂા. ૨૦/- (રૂપિયા વીસપૂરા) ભરી તથા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના ચાલુ વર્ષ (તા. ૦૧-૦૪-૨૦૧૬ થી તા. ૩૧-૦૩-૨૦૧૭)ના ભરેલા લાગાની રસીદની ફોટોકોપી આપી મેળવી શકશો.

પૂરેપૂરા ભરેલા 'માહિતી પત્રક', તેમાં જણાવ્યા મુજબના જરૂરી દસ્તાવેજ / તેની ફોટોકોપી સાથે, **તા. ૩૦-૦૭-૨૦૧૬** સુધી જ ઉપરોક્ત સરનામે સ્વીકારવામાં આવશે, જેની નોંધ લેશો.

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટીઓ**

અને ઓસવાલમાં દાખલ થયા તેનું ગોત્ર લોડલાઈ ગામ પરથી લોડાયા થયું.

ઉપરોક્ત ત્રણે વિધાનોને ભટ્ટ શંભુદાન બારોટ તથા પાર્શ્વે રદીયો આપ્યો છે. શંભુદાન બારોટની વહીઓની નોંધ મુજબ રાઠોડવંશમાં પટણી શાખામાંથી લોડાયા ગોત્રની ઉત્પત્તિ થઈ છે. જેની કુળદેવી જાગોરચી દેવી (નાગણેચી દેવી) હતી, પાછળથી સચ્ચાઈ માતા થઈ છે. વહીઓમાં લોડાયા વંશની વંશાવલી આ પ્રમાણેઆપી છે. પટ્ટણી શાખામાં વિ.સં. ૧૧૪૫ (ઈ.સ. ૧૦૮૯)માં ચક્રપાણી થયા જેઓ જૈન બન્યા જેમની વંશાવલી પ્રમાણે ચક્રપાણી → પુત્ર સવર → પુત્ર વીરમ → પુ. અભેરાજ → પુ. જેતસી → પુ. ભાવડ → પુ. જેસીર → પુ. વણબીર → પુ. વસ્તો → પુ. માવો → પુ. સારંગ → પુ. સામંત → પુ. કલીયો → પુ. રતનસીંહ → ભોરકીયો થયા. મારવાડમાંથી થરપારકર વસ્યા. ભોરકીયાને ત્રણ પુત્રો હતા ખેતુ, મુરીયો અને ઉધરીયો. ખેતુને ત્યાં સં. ૧૫૧૫ (ઈ.સ. ૧૪૫૯)માં લોડાઈકા શાહનો જન્મ થયો. અન્ય પુત્ર, ગલેયો સં. ૧૫૪૦ (ઇ.સ. ૧૪૮૪)માં સિંધ ગયા. સિંધની વિકટ પરિસ્થિતિ અને મુસલમાનોના રંજાડથી ત્રાસી લોહાણા, ભાટીયા અને અન્ય જ્ઞાતિ સાથે ઓસવાલો સં. ૧૫૬૫ (ઇ.સ. ૧૫૦૯માં કચ્છનું રણ ઓળંગી ખડિરને રસ્તે વાગડમાં આવ્યા.

આ લોડાઈકા શાહ ખૂબ પ્રસિધ્ધ પુરુષ અને જ્ઞાતિ આગેવાન હતા. ઓશીયાજી છોડતી વખતે સચ્ચાઈ માતાએ ઓસવાલોને સંકટમાં સહાય કરવાનું વરદાન આપેલું તે સંભારી માતાજીને હેમખેમ કચ્છમાં પહોંચાડવાની અરજી કરેલ અને માનતા માનેલ કે સલામત પહોંચીશું તો સચ્ચાઈ માતાને કુળદેવી તરીકે સ્થાપીશું. આમ દેવી સહાયથી મુસીબતમાંથી ઉગરી જતા સિંધમાંથી આવેલા જુદા જુદા ગોત્રના ઓસવાલોએ માનતા મુજબ સચ્ચાઈ માતાને પોતાની કુળદેવી સ્થાપી. ઓસવાલોની કુળદેવી સચ્ચાઈમાતા હતી જ પરંતુ રાજપૂતમાંથી જૈન બનાવતી વખતે રત્નપ્રભસૂરિ અને અન્ય ધર્મગુરૂઓએ રાજપૂતિ રિવાજો અને પોત પોતાની કુળદેવીને માનવાની છૂટ આપેલી તેથી રાજપૂતમાંથી જૈન થયા બાદ પણ સૌની મૂળ કુળદેવી હતી. કચ્છમાં આવ્યા બાદ મૂળદેવીની જગ્યાએ સચ્ચાઈ માતા સ્થપાતા ઓસવાલોનાં ઘણાં ગોત્રો સચ્ચાઈ માતાને માને છે.

ભોરકીયા પરિવારના મુખ્ય પુરુષોના નામ પરથી આસીયા, મુરીઆ, ગલૈયા અને લોડાઈયા એમ ચાર નૂખો નીકળી. શરૂઆતમાં ઓસવાલા દુદાજીના રાજમાં વાગડમાં વસ્યા. સંખ્યા ઘણી હતી અને બધાને દુદાજી સમાવી શકે તેમ ન હતા તેથી તેમણે કચ્છનાં રાજવી રાવ ખેંગારજીને અને હાલારનાં રાજવી જામ રાવલને સારી પ્રજા છે તો વસવાટ આપો એવું જણાવ્યું.

અન્ય નોંધમાં જણાવાયું છે કે દેદાજીએ ઓસવાલોને જુદા જુદા ગામડામાં વસાવ્યા અને નવા ગામડાઓ પણ સ્થાપ્યા. એક વખત દેદાજીના કુંવરનો ઘોડો ઓસવાલોના એક ગામમાં હવાડે


## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત

**શ્રી કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા**
**શાળા ફી, પુસ્તક સહાય ફંડ**

આ ફંડ દ્વારા ભારતભરમાં રહેતા અને ધોરણ કે.જી. થી ધોરણ ૧૦મા અભ્યાસ કરતા કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને શાળા ફી-પુસ્તક સહાય અપાય છે.

**ફૉર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦મી જુન ૨૦૧૬ છે.**

**-: અરજીફોર્મ મેળવવાનું તથા ભરીને પાછું આપવાનું સ્થળ :-**

**શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ**
લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૬.
ફોન : 022-2510 0157 / 2513 3174

ગુરૂવારથી મંગળવાર સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૩૦ દરમ્યાન
અરજીફોર્મ Website add : www.kdoedu.in પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

**નોંધ : વાર્ષિક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીએ અરૂજી કરવી નહીં.**

**-: જ્ઞાનદાન શ્રેષ્ઠદાન :-**

પાણી પીવા આવ્યો. ગામમાં ઓસવાલોનું મોટું (નાત) જમણ હતું. એ વખતે ગામનાં હવાડાઓ પ્રસંગે ઘી વપરાશ કરતા. આમે મારવાડીઓ આજે પણ ઘીનો ખૂબજ વપરાશ કરે છે. હવાડાની આસપાસ ઘીના કીચડમાં રાજકુમારનો ઘોડો લપસ્યો. રાજકુમારે ઝગડો કર્યો અને પિતાને ફરીયાદ કરવાનું કહ્યું. ઓસવાલોને લાગ્યું કે રાજવીને કંઈ કહેવાશે નહીં ખોટું વેર ઊભું થશે. તેથી વાગડમાંથી કચ્છના અન્ય વિસ્તાર તરફ કંઠી તરફ નીકળ્યા. શરૂઆતમાં સ્થિર થવા માટે ઓસવાલોએ ઘણાં ગામો બદલ્યા.

લોડાઈકા શાહને લુણો, લાલો, પદમુ, નાંઈયો અને કમુ નામના પુત્રો થયા. આસીયાને ત્રણ પુત્રો થયા વીરો, પાતો અને કોરપાર. જેઓ આગળ જતાં ભલારા પીર તરીકે પ્રસિધ્ધ થયા. આસીરીઓ કચ્છ કુકડાઉ થઈ સુથરી ગામે વસ્યા. લોડાઈકા શાહનો પરિવાર સુખપર વસ્યો. ત્યાં જાનમાં એક પરિવાર સાથે નાની વાતે ઘીંગાણું થયું તેમાં લોડાઈકાના પુત્ર લુણાંના પાંચ પુત્રો મરાયા. બચેલા પરિવારોએ ગામ છોડ્યું અને અન્ય ગામમાં વસ્યા.

કચ્છ છોડી જામ રાવલે સૌરાષ્ટ્રનો પશ્ચિમ વિભાગ કબજે કર્યો. આમરણ, ધ્રોળ, ખિલોસ, વોડ અને ખંભાલીયા જીતી પોતાની રાજધાની સ્થાપી આગળ વધતો ગયો. પોતાનાં પૂર્વજ હાલાજીના નામ પરથી જીતેલા વિસ્તારને હાલાર નામ આપ્યું. આમરણથી રાજધાની ફરતી ફરતી ખંભાલીયે આવી પરંતુ છેવાડેના સ્થળથી રાજધાનીથી સંચાલન કરવું મુશ્કેલ લાગતા આમરણ અને ખંભાલીયા વચ્ચે નાગના બંદર પાસે નવી રાજધાની સ્થાપી નવાનગર... જેનું આગળ જતાં નામ જામનગર થયું સવંત ૧૫૯૬ (ઈ.સ. ૧૫૪૦)માં .

જામનગરના રાજવી રાવલ જામના પિતા લાખાજીનું ખુન આમરણમાં દેદા તમાચીએ કરેલું પરંતુ રાવલ જામને શંકા આ ખુન કચ્છનાં પ્રથમ જાડેજા રાજવી ખેંગારજી ૧લાના પિતા હમીરજીએ કરાવેલું અને તેથી તેનો બદલો લેવા જામ રાવલે કાકા હમીરજીને પોતાની રાજધાની બારા-તેરા બોલાવી દગાથી ખૂન કર્યું. છછરબટ્ટાના પ્રયત્નથી અને મીંયા કકલના આશરાથી હમીરજીના પુત્રો ખેંગારજી અને સાહેબજી બચી ગયા. અમદાવાદ પહોંચ્યા. મહમદ બેગડાની સહાય મેળવી જામ રાવલને કચ્છમાંથી દૂર કર્યો અને જામ રાવલે હાલાર વસાવ્યું.

હાલારમાં સ્થિર થયા બાદ પોતાને મદદ કરનારા જાડેજા ભાયાતોને હાલારમાં જાગીર/ગરાસ આપ્યા. કચ્છમાં બારા-તેરા (અબડાસા) વિસ્તારમાં રહી ગયેલા રાવલના ભાયાતો જેમણે રાવલ જામને મદદ કરેલી તેમને ખેંગારજી રાજા થતા ગરાસ ઝુંટવી લીધા અને રંજાડ કરવા લાગ્યા. હાલારમાં રાવલ જામને ખબર પડતા પોતાના ભાયાતોને તેડાવી ગામ-ગરાસ આપ્યા. નવા ગામડા વસાવ્યા. આ ગામડામાં ખેતી અને હુન્નર કરી શકે તે માટે રૈયતની જરૂરિયાત ઊભી થઈ તેથી અનેક પ્રજાજનો કચ્છથી હાલારમાં આવી વસ્યા જેમાં દશા-વીસા ઓસવાલો પણ હતા. ૮૦૦૦૦ પરિવારો જેમાં ભાટિયા, લુહાણા, મેમણ, ખોજા, વાણિયા, બ્રાહ્મણ, મલેક, જત, સુતાર, હજામ, વણકર, ભરવાડ, ચારણો વિગેરે હતા. દશા ઓસવાલોને ૪૨ અને વીસા ઓસવાલોને ૫૨ ગામમાં વસાવ્યા. એ અરસામાં સુથરીથી વીરો, પાતો અને કોરપાર હાલારમાં આવ્યા. કોરપાર લાલપુર પાસે પાટલા ગામે વસ્યા, વીરો અને પાતો નાંદુરી વસ્યા. આ ઉપરાંત છીકારી, ખીમરાણ, ગુઆણા, માલદેભીનું ભરૂડિયા વિગેરે ગામોમાં દશા ઓસવાલો વસ્યા.

કોરપાર આસીયાણીના પુત્ર લાડણનો જન્મ હાલારમાં પાટલા ગામે છે. વીરાના પુત્રો થાઈઓ-વીસાના જન્મ નાંદુરીમાં છે. પાતાના પુત્રો દૂધ, પોનંગ, આદતના જન્મ પણ નાંદુરીમાં છે. આ ત્રણે ભલારા બંધુના આગમનનો સમય સં. ૧૬૧૦ (ઇ.સ. ૧૫૫૮)ની આસપાસનો ગણાય. ભલારાની ભલાઈના અનેક પ્રસંગો છે. એમના લાલપુર તથા સુથરીમાં મંદિરો બન્યા છે.

સવંત ૧૬૪૭ (ઇ.સ. ૧૫૯૧)માં ધ્રોલ પાસેના ભૂચર મોરીના મેદાનમાં જામ સતાજીની સેના અને અકબરની સેના


|| જય શ્રી સચ્ચાઇ માતા ||

**વરાડીયા (કચ્છ) મધ્યે બિરાજમાન દંડ પરિવાર ના કુળદેવી**
**શ્રી સચ્ચાઇ માતાજી ની દસમી (૧૦) પહેડી પ્રસાદ**

સર્વ ભાવિકો જોગે સંવત **૨૦૭૨ વૈશાખ** સુદ ૯, રવિવાર **તા.૧૫/૫/૨૦૧૬** ના શુભ દિવસે સવારના સમય ૧૦ થી ૧ દરમ્યાન રાખેલ છે.

સર્વ ભાવિકો અને નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

❖ પહેડી ના લાભાર્થી ❖
માતુશ્રી મીઠીબાઇ ત્રિકમજી દંડ
માતુશ્રી સુમતિબાઇ સોમચંદ દંડ
પરિવાર

❖ શુભ સ્થળ ❖
શ્રી રામજી અંદરજીની વાડી, નપુ હોલની બાજુમાં
ચંદાવરકર રોડ, માટુંગા (C.R.), મુંબઇ - ૪૦૦ ૦૧૯

✠ સંપર્ક ✠

- પ્રફુલ દંડ 9167667138 • અશોક દંડ 9821144324
- ગૌતમ દંડ 9619511502 • ખુશીન દંડ 9892199776
- રોબીન દંડ 9833321334 • કાર્તિક દંડ 9821336833

*નોંધ: કાળા વસ્ત્રો પહેરીને ન આવવાની કાળજી લેશોજી*



**ફલેટ વેચવો છે**

**શ્રી અનંતનાથજી કોમ્પલેક્ષ, કાંજુરમાર્ગ (પૂર્વ),**
1 BHK Converted 2 BHK 'A' Wing Flat No. 309
**(પૂર્વ / પશ્ચિમ બાજુ ખુલ્લી છે)**
**Mob.: 070456 36434 / 093200 63734**

વચ્ચે ભયંકર યુધ્ધ થયું. અકબરનો અમદાવાદનો સુબો મુજફરને જામ સતાજીએ શરણું આપેલું. અકબરે તેના ગુનેગારને છોડી દેવા કહ્યું પણ શરણે આવેલાને ન છોડવાના રાજપૂતી સંસ્કારને લીધે યુધ્ધ થયું. જામને સહાય કરનારા લોમા ખુમાણ, જુનાગઢના નવાબ દોલતખાને આખરી પળે દગો કર્યો અને જીતની બાજી જામને ગુમાવવી પડી. જામનગર રાજવી જસાજીના પુત્ર અજો લગ્નની વરમાળ તોડી યુધ્ધે ચડ્યા અને શહીદ થયા. જામનગર પર ઈસ્લામનો ધ્વજ ફરક્યો. યુધ્ધ પછી મોટી ખંડણી આપવી પડી. પ્રજા ઉપર ત્રાસ વધ્યા. કચ્છથી આવેલા ઘણા લોકો પાછા કચ્છ ચાલ્યા ગયા. ભલારા પરિવારનાં વંશજો કોરપારનો પરિવાર વાંકુ જઈ વસ્યો. વીરોનો પરિવાર કોઠારે વસ્યો અને પાતાનો પરિવાર સુથરી જઈ વસ્યો.

કોરપાર પુત્ર લાડણનો પુત્ર ડુંગર અને તેનો પુત્ર પચાણ જેણે વિ.સ. ૧૬૮૮ (ઇ.સ. ૧૬૩૨)ના ચૈત્ર સુદ ૨ના વાંકુ ગામે તળાવ ખોદાવ્યું. પચાણના પુત્ર રાજદેએ વાંકુથી આરીખાણા રસ્તે વાવ-હવેડો બંધાવ્યા. સમયાંતરે લોડાયા પરિવાર અબડાસાના ઘણા ગામોમાં ફેલાયો. આસીયા, ગલીયા અને મુરીઓ નૂખો થોડા સમય બાદ લોડાયામાં ભળી ગઈ છે.

લોઢા ગોત્ર મારવાડના જૈનોનું છે અને તે ચૌહાણા વંશમાં છે જ્યારે કચ્છનાં ઓસવાલોમાં ધરમશી, લોડાયા, લાપસિયા, આદિ નુખો રાઠોડ વંશીય છે. **- ક્રમશઃ**


।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

## સાંધવ કચ્છ માદરેવતન પર્વની આરાધના સાંધવવાસીઓ તેમજ નીચાણી બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ

પર્વની આરાધના કરવા તા. ૨૮-૦૮-૨૦૧૬ રવિવારના મુંબઈથી સાંધવ પ્રસ્થાન. તા. ૩૦-૦૮-૨૦૧૬ પર્વ પર્યુષણનો શુભ પ્રારંભ તા. ૦૮-૦૯-૨૦૧૬ ગુરૂવારના સાંધવથી મુંબઈ થી પ્રસ્થાન આવતા જતા પંચતિર્થી કરવામાં આવશે. જેમને પણ આરાધના કરવાની ઈચ્છા હોય તો નીચે મુજબ સંપર્ક કરશોજી.

| | | |
|---|---|---|
| **વીરચંદ ખોના** | - | 098709 49005 |
| **ગોવિંદજી પટેલ** | - | 098205 40949 |
| **રાજેશ દંડ** | - | 099300 07826 |
| **પરેશ દંડ** | - | 098193 59401 |

લિ.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ**
**પ્રમુખ શ્રી શામજી નરશી દંડ ના જય જિનેન્દ્ર**


### હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટરના સથવારે તા. ૨૭-૦૫-૨૦૧૬ને શુક્રવારના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૧૨.૩૦ વાગ્યા દરમ્યાન શ્રી અનંતનાથ કોમ્પ્લેક્સ (જૈન કોમ્પ્લેક્સ), ડબ્બા કંપનીની બાજુમાં, કાંજુરમાર્ગ (ઈસ્ટ)માં હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથિક કેમ્પ યોજેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે. રજીસ્ટ્રેશન માટે ફક્ત તારીખ ૨૫ નાજ નામ નોંધાવવું.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પ શનિવાર તા. ૨૮-૦૫-૨૦૧૬ સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૩.૩૦ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૯-૦૫-૨૦૧૬ના સવારના ૯.૩૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

### મુલુંડમાં મહાકાળી ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના તા. ૧૫-૫-૨૦૧૬ના રવિવારના રાતના ૯.૦૦ વાગે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ શ્રી શશિકાંત માણેકજી મૈશેરી - માંડવી વાળાએ લીધેલ છે. આવતા માસની ભાવના તા. ૧૨-૬-૨૦૧૬ના છે. જેનો લાભ શ્રી કલ્યાણજી માણેકજી મૈશેરી પરિવાર - માંડવી વાળાએ લીધેલ છે.

### પાલીતાણાની શેઠ શ્રી નરશીનાથા ધર્મશાળાને દાન

શેઠ નરશીનાથા જૈન ધર્મશાળા પાલીતાણામાં એ વિંગના ભોંયતળીએ એક રૂમના દાતાશ્રી લક્ષ્મીચંદ માલશી જીવરાજ નાગડા હસ્તે પરેશ લક્ષ્મીચંદ નાગડા પૌત્ર યશ તથા રવિ, ગામ રંગપુર, હાલ બેંગલોરવાળા તરફથી રૂમ રિનોવેશન માટે રૂા. ૨,૫૧,૦૦૦/- ડોનેશનના મળેલ છે.


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડો

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, ખારેક બજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : ૨૩૪૨ ૧૩ ૪૪ / ૨૩૪૪ ૧૯ ૨૯

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો,


જય જિનેન્દ્ર - જય જય શ્રી અનંતનાથ,

મુંબઈના મસ્જિદબંદર વિસ્તારમાં શ્રી અનંતનાથજી ટ્રસ્ટની માલિકીના જે જે મકાનો છે તેમની વિગતો (તે ક્યાં સ્થિત છે તે તથા તેમની અન્ય માહિતી) આ સાથે આપીએ છીએ. ટ્રસ્ટની માલિકીના મકાનોથી, જ્ઞાતિજનોના હિતાર્થે, જ્ઞાતિજનોને કઈ રીતે વધારેમા વધારે ફાયદા થાય તે બાબત સલાહ-સૂચનો મોકલવા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનોને આમંત્રણ છે. જ્ઞાતિજનો પાસેથી જે સલાહ-સૂચનો મળશે, તેના પર ટ્રસ્ટ બોર્ડ વિચારણા કરશે.

બિલ્ડર/ડેવલપર્સ, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજન/સંસ્થા તરફથી ટ્રસ્ટની માલિકીના મકાન/નો ના રીડેવલપમેન્ટ માટે પ્રયોજના (પ્રપોઝલ) આવકાર્ય છે.

જો આપણા સમાજની કોઈ સંસ્થા, ટ્રસ્ટ કે કોઈ જ્ઞાતિજનની વ્યક્તિગત માલિકીનું/ના મસ્જિદ બંદર વિસ્તારમાં મકાન/મકાનો હોય તો તેમણે શ્રી અનંતનાથજી ટ્રસ્ટના મકાનોની વિગત જે ફોર્મેટમાં આપી છે, તે મુજબ પોતાના મકાનોની વિગત મોકલી આપવા વિનંતી. આ વિગતો ફક્ત આપણા સમાજની સંસ્થા/ટ્રસ્ટ/જ્ઞાતિજનની માલિકીના મકાનો છે, તે બાબત સર્વે કરવા જ મંગાવીએ છીએ. તે ઉપરાંત કોઈ જ્ઞાતિજનના અન્ય જ્ઞાતિના મિત્ર/ઓળખીતા/સંબંધીની માલિકીના મસ્જિદ બંદર વિસ્તારમાં મકાન/મકાનો હોય તો તેની વિગત જે તે મકાનના માલિકના નામ સાથે મોકલવા વિનંતી. વધુ વિગતો માટે ટ્રસ્ટના કાર્યાલયે સંપર્ક કરવો.

લિ. શ્રી અનંતનાથજી મહારજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટીઓ




| NOS. | C.S. NOS. | BLDG. NAMES | PLOT AREAS (Sq. Mt) | PLOT AREAS (Sq. Ft) (A) | TENANT AREAS (CARPET AREAS) (Sq. Ft) (X) | TENANT AREAS (BUILTUP AREAS) (Sq. Ft) (X * 1.2) | TENANT AREAS (BUILTUP AREAS) (Sq. Ft) (B) | FSI (B)/(A) | TENANTS COMM. | TENANTS RESI. | TOTAL TENANTS | CARPET AREAS (Sq. ft) COMM. | CARPET AREAS (Sq. ft) RESI. | REMARKS |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 889 | JATHAWALLA GHAR | 154.68 SQMT | 1664.97 SQMT | 6171.52 SQFT | 7405.82 SQFT | 7405.82 SQFT | 4.44 | 22 NOS | 7 NOS | 29 NOS | 3928.35 | 2243.17 | |
| 2 | 886 | NAKHODA GHAR | 957.37 SQMT | 10305.13 SQFT | 1826.32 SQFT | 2191.58 SQFT | 48164.14 SQFT | 4.67 | 4 NOS | NIL | 4 NOS | 1826.37 | NIL | |
| 3 | 885 | DERASAR GHAR + DERASAR | | | 28847.52+7500 | 34617.02+9000 | | | 7 NOS | NIL | 7 NOS | 2654.23 | NIL | Remaining Area for Derasar Upasarey ETC |
| 4 | 884 | ANANT JYOT | | | 1962.95 SQFT | 2355.54 SQFT | | | 2 NOS | NIL | 2 NOS | 1962.93 | NIL | |
| 5 | 890 | NAVAGHAR | 321.35 SQMT | 3459.01 SQFT | 2856.34 SQFT | 3427.6 SQFT | 10610.38 SQFT | 3.06 | 7 NOS | 2 NOS | 9 NOS | 2699 | 157.5 | |
| 6 | 891 | MALBARI GHAR | | | 5985.65 SQFT | 7182.78 SQFT | | | 7 NOS | 18 NOS | 25 NOS | 2789.6 | 3196 | |
| 7 | 892 | BESANIYA GHAR | 154.31 SQMT | 1660.99 SQFT | 2062.60 SQFT | 2475.12 SQFT | 2475.12 SQFT | 1.49 | 3 NOS | NIL | 3 NOS | 2062.55 | NIL | |
| 8 | 910 | ANANT SADAN | 190.45 SQMT | 2050.00 SQFT | 4937.23 SQFT | 5924.67 SQFT | 5924.67 SQFT | 2.89 | 19 NOS | NIL | 19 NOS | 4937.24 | NIL | |
| 9 | 957 | ANANT NIWAS | 1323.59 SQMT | 14247.12 SQFT | 42794.33 SQFT | 51353.19 SQFT | 54191.39 SQFT | 3.80 | 21 NOS | 107 NOS | 128 NOS | 12718 | 30076.29 | |
| 10 | 972 | SHAKGULLY | | | 2365.17 SQFT | 2838.2 SQFT | | | 2 NOS | 11 NOS | 13 NOS | 827 | 1538.15 | |
| 11 | 920 | OLD ANANT BHUVAN | 1292.65 SQMT | 13914.08 SQFT | 8576.97 SQFT | 10292.36 SQFT | 61714.91 SQFT | 4.43 | 08 NOS | 34 NOS | 42 NOS | 2812 | 5765 | |
| 12 | | NEW ANANT BHUVAN | | | 42448.73 SQFT | 51422.55 SQFT | | | 114 NOS | 15 NOS | 129 NOS | 35529.73 | 6919 | |
| 13 | 918 | ANANT DEEP | 58.37 SQMT | 8163.09 SQFT | - | - | - | - | | | | | | Lease Property Ownership Apartments |

## કલા અને સૌંદર્યની નગરી : સિએના – છેલ્લા કલર પાનાથી ચાલુ

સિએનાનો પિઆત્ઝા ડેલ કામ્પો સ્કવેઅર ખૂબ વિશાળ છે. જોનારને પહેલી દૃષ્ટિએ આંજી નાખે એવો એ ભવ્ય લાગે છે, એની ચારે બાજુ મકાનો, રેસ્ટોરાંઝ અને દુકાનો છે. વર્ષમાં બેવાર અશ્વદોડની રેસ પાલિઓ આ સ્કવેઅરમાં યોજાય છે. આ ચોક ઈટાલીના સૌથી સુંદર ચોકમાંનો એક છે. સ્કવેઅરની બૉર્ડર બનાવતાં મકાનો પણ એવાં જ વિશાળ છે. એ મકાનોમાંનું એક ટાઉન હૉલ છે જેની સાથે એક ઊંચો ટાવર જોડાયલો છે. આ ઐતિહાસિક સેન્ટરને યુનેસ્કાએ વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે જાહેર કર્યું છે.


પિઆત્ઝા ડેલ કામ્પો સ્કવેઅરની કિનારીએ પલાત્ઝો પબ્લિકો નામની ઈમારત છે જે સિએનાનો ટાઉન હૉલ છે. આ ટાઉન હૉલમાં એક જમાનાના પ્રખ્યાત ચિત્રકાર સિમોન માર્ટિની અને ડુચ્ચોના ભીંતચિત્રો છે. આઠ યુરો ખર્ચીને ટાઉન હૉલના બેલ ટાવર ટોર ડેલ માંગિઆમાં અમે ઉપર ચડ્યાં. ૩૦૦થી વધુ પગથિયાં ચડવાનાં હતાં. ઉપર પહોંચીને આ પ્રદેશનું છેક ક્ષિતિજ સુધી લંબાતું અદ્‌ભુત દૃશ્ય જોતાં આટલાં પગથિયાં ચડવાનું સાર્થક લાગ્યું. ત્રણ ટેકરીઓ પર રચાયેલું સિએના ઓલિવનાં ઉપવનોથી ઘેરાયેલું છે. એની ભૌગિલિક પરિસ્થિતિએ એને નૈસર્ગિક સંદુરતા બક્ષી છે. વળી ગોથિક શૈલીનું બાંધકામ એના કુદરતી સૌંદર્યને ચાર ચાંદ લગાડે છે. ટસ્કની પ્રદેશનો મધ્ય ભાગ, જે ટસ્કનીનો સૌથી સુંદર વિભાગ છે, તે કિઆન્ટી તરીકે ઓળખાય છે. બેલ ટાવરના ઉપરના છેડેથી મનોરમ ક્રિઆન્ટીનાં દર્શન પણ થાય છે.

પિઆત્ઝા ડેલ ડુઓમો સિએનાની એક સુંદર ઈમારત છે. કેથેડ્રલને ઈટાલિયન ભાષામાં ડુઓમો કહે છે. આ ચર્ચ આરસપહાણનું બનેલું છે. એ બાહરથી જેટલું ભવ્ય દેખાય છે એટલું જ અંદરથી પણ સુંદર છે. સફેદ સંગેમરમરની પટ્ટીઓ સાથે ઘેરા લીલા રંગની પટ્ટીઓ એમાં જડવામાં આવી છે. આ પટ્ટીઓ પ્રથમ દૃષ્ટિએ કાળા રંગની ભાસે છે અને શ્વેત-શ્યામ એવા વિરોધાભાસી રંગોના સંયોજન દ્વારા આકર્ષક સ્થાપત્યનું નિર્માણ થયું છે. ડુઓમોની છતની વચ્ચે ઘુમટની અંદરની બાજુને ભૂરા રંગથી લીંપીને ઉપર તારાની ભાત પાડવામાં આવી છે, અન્ય ભાગો પર કોતરણી કરવામાં આવી છે. ફરસ પર પણ ઘણું ચિત્રકામ કરવામાં આવ્યું છે. ચર્ચમાં ઠેર ઠેર ચિત્રો લટકાવેલાં છે અને ઑલ્ટર પાસેનું લાકડાનું નકશીકામ અદ્‌ભૂત અને અનોખું છે. મેં જોયેલાં દેવળોમાં આટલું સુંદર લાકડાનું નકશીકામ મેં કોઈ ચર્ચમાં જોયું નહોતું. ચર્ચનો લાઈબ્રેરીનો ખંડ પણ ભીંતચિત્રોથી સુશોભિત કરવામાં આવ્યો છે. ચર્ચની જ ટિકિટમાં ચર્ચની નીચેના ભોંયરામાં પ્રવેશ મળતો હતો. આ ભોંયરું પાછળથી શોધાયું છે અને તેમાં પણ સુંદર ભીંતચિત્રો છે. ભોંયરું ઢંકાયેલું હોવાથી ચિત્રોનો રંગ હજી સુધી યથાવત્ જળવાયો છે. આ ચર્ચ ખૂબ જહેમતથી તૈયાર કરવામાં આવ્યું છે અને કળા-કારીગરીના ચાહકોનું મન જીતી લે એવું છે.

સાઠેક હાજારની વસતિ ધરાવતા આ શહેરમાં રેસ્ટૉરાંની સંખ્યા નવાઈ પમાડે એટલી બધી છે. કળાના ચાહકોની સૂચીમાં સિનેનાનું નામ અવશ્ય હોય છે. એક સારી રેસ્ટૉરાં શોધીને અમે ભોજન લીધું. ટસ્કનીના અમારા રોકાણ દરમિયાન અમને ઘણા ઈટાલિયન શબ્દોના ખરા ઉચ્ચાર શીખવા મળ્યા. ત્યાંના લોકો પણ ઉષ્માસભર અને મિત્રાચારી દાખવનારા છે.

સિએનાની પથ્થર જડેલી ગલીઓ એનાં સ્થાપત્ય સાથે બરાબર ભળી જાય છે. આ ગલીઓમાં ચામડાની હેન્ડ બૅગ્સ, કપડાં, ભરતકામ કરેલી વસ્તુઓ વેચતી સરસ દુકાનો છે. અહીંની પરફ્યુમ વેચતી દુકાનોનું ફરફ્યુમ વાપરી જોવા જેવું છે. સિએનામાં એકાદ-બે રાત રોકાવા જેટલો સમય હોય તો સાઈકલ ભાડે લઈને આખું ગામ અને તેની આજુબાજુનો વિસ્તાર ખૂંદવાની મજા પડી જાય. ટ્રાફિક વિનાના, નૈસર્ગિક સૌંદર્યથી ઓપતા રસ્તોઓ પર સાઈકલ ચલાવવાનો આનંદ કંઈક ઓર જ

**કાળપણ નહીં વિસરાવી શકે**
**તમારી સુરેખ સ્મૃતિ**



**શ્રી વિનોદ રાયચંદ કાનજી ધુલ્લા**
સુથરી (મુલુંડ - મુંબઈ)

બહુમુખ વ્યક્તિત્વ
એક અનોખું સત્વ
કાળ પણ કેમ વિસારે તમ સ્મૃતિ
તમને છત્રછાયા દે પરમતત્વ

**- નિરંજન કેશવજી મોમાયા**
વરાડીયા - મસ્જિદ બંદર

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બૉર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

**એક ઝલક સિએનાની**

ઈટાલીના ફ્લોરેન્સ સુધી પહોંચવા ફ્લાઈટ લઈ શકાય છે. ત્યાંથી સિએના ૭૫ કિલોમીટર દૂર છે. ફ્લોરેન્સથી સિએના બસમાં જતા સવાથી દોઢ કલાક લાગે છે. બસની સર્વિસ સારી છે અને બસો આરામદાયક છે. બસ સ્ટેશન ફ્લોરેન્સના ટ્રેન સ્ટેશનની બાજુમાં છે.

સિએનામાં ઘણી રેસ્ટૉયરાંઝ છે અને વેજિટેરિયન ભોજન મળી રહે છે. કલાની સાથે ભોજન માટે પણ સિએના જાણીતું છે.

સિએનામાં બજેટ પ્રમાણે રહેવાની સગવડ મળી રહે છે. માત્ર બૅડ એન્ડ બ્રેકફાસ્ટની સુવિધા આપતી હૉટેલ્સ સ્વચ્છ, સારી અને સસ્તી હોય છે. સિએનાની બહારય નિસર્ગ વચ્ચે ફાર્મહાઉસ ભાડે લઈને પણ પરહી શકાય છે.

હોય છે. અહીંથી ટસ્કની પ્રદેશ પર હૉટ ઍર બલૂનની ઉડાન પણ લઈ શકાય છે. વાઈનના શોખીનો માટે દુનિયામાં ઉત્તમ વાઈન્સમાં જેની ગણના થાય છે એ કિઆન્ટી પ્રાંતના તેમ જ ટસ્કનીના વાઈન રેસ્ટૉરાં કે માર્કેટમાં ઉપલબ્ધ છે. કળા, સ્થાપત્ય, કુદરતી સૌંદર્ય અને ખાણીપીણીના શોખીનો, સૌની અપેક્ષા આ શહેર સંતોષે છે. જીવનમાં જ્યારે પણ તક મળે ત્યારે આ અનોખા શહેરની એક મુલાકાત કરવાથી કેટકેટલી અદ્ભૂત બાબતો માણવા અને જાણવા મળશે.


**ઈન્ટીરિયર કામકાજ માટે**

ઘર, ઓફિસ તેમજ ઈન્ડસ્ટ્રીમાં તમામ પ્રકારનાં સિવીલ કામકાજ જેવા કે કિચન પ્લેટફોર્મ, પ્લમ્બીંગ વર્કસ, એલ્યુમિનિયમ વિન્ડો, ટાઈલીંગ વર્કસ, ઈલેક્ટ્રિકલ કામકાજ, પેઈન્ટીંગ તેમજ સ્પેશિયાલિટી કેમિકલ્સથી ટાઈલ્સ બેસાડવી (જૂની મોઝેક ટાઈલ્સ તોડ્યા વગર ઓછા ખર્ચમાં) ૨૦ વર્ષથી વધુનો સિવીલ એન્જીનિયરીંગનો અનુભવ, વ્યાજબી ભાવમાં અને સારી ક્વાલિટીના કામ માટે સંપર્ક :

**નિલેશ એસોસિએટ્સ**

શ્રી સાંઈકૃપા સોસાયટી, બીજે માળે,
ફ્લેટ નં. ૩૦૨, શાંતિ ઈન્ડ.ની બાજુમાં,
એન.એસ. રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૮૦.

**093222 89690, 077180 86389**

**મિડ બ્રેઈન એકટિવેશન અને DMIT (ફિંગર પ્રિન્ટ એનાલિસિસ)**


**જીવન મંત્ર એકેડમી**

ઘાટકોપર - ડોમ્બિવલી - બોરિવલીમાં

**ફ્રી ફ્રી ફ્રી** મિડ બ્રેઈન એકટિવેશન નું ૩ કલાક નું ૧ સેશન તદ્દન ફ્રી. જુઓ તમારા બાળકના વર્તનમાં બદલાવ એકજ સેશનમાં. બાળકનું નામ જલદી થી રજિસ્ટર કરાવો. વહેલો તે પહેલો ના ધોરણે એડમિશન

**મિડબ્રેઈન એકટિવેશન**

- કોન્સેન્ટ્રેશન અને ફોકસ
- બિહેવીયર ચેન્જ, એંગર મેનેજમેન્ટ
- ક્રિએટિવીટી, ઈન્ટ્યુશન
- લર્નિંગ, રિડીંગ ઈમ્પ્રુવમેન્ટ
- બ્લાઈન્ડ ફોલ્ડ અને ઘણુ બધુ



**DMIT**

- કેરિયર સિલેક્શન
- લર્નિંગ સ્ટાઈલ એકવાયરીંગ સ્ટાઈલ
- સ્કિલ અને ઈન્ટેલિજન્સ
- પર્સનાલિટી સ્ટાઈલ સાથે સિગનેચર અને હેન્ડરાઈટિંગ એનાલિસીસ

**DMIT ફક્ત 2000/- માં ફક્ત KDO માટે જ**

**રેકી ક્રિસ્ટલ અને ચક્ર માટે વર્કશોપ ચાલુ છે.**

**Registration Fees Rs. 200/- (100% refundable)** (Parentsની હાજરી અનિવાર્ય ફક્ત ૧ જ કલાકના Orientationમાં જાણો. Mid Brain Activation અને DMIT વિશે વધુ માહિતી અને registration માટે

**હિતેન વાલજી સોની (ગામ વાંકુ)**
Graphologist, Body Language and Face Reading Expert, Reiki Master, DMIT Counseller, Mid Brain Trainer, Life Coach, Crystal Healer
**M : 99690 57666**

**શિલ્પા હિતેન સોની**
Graphologist, Body Language and Face Reading Expert, DMIT Counseller, Mid Brain Trainer, Angel Card Reader, Numberologist, Reiki Plactionar, Crystal Healer
**M : 99305 58593**

# માં

## લીલાબાઈ ઝવેરચંદ મૈશેરી

## (જખો - અમલનેર-મુલુંડ)ને શ્રધ્ધાંજલિ

હું માં માં કરું (૨)
હું અક્કા અક્કા કરું (૨)
મારો અવાજ તારા સુધી પહોંચે નહીં
તુ સ્વર્ગ માં સૂતી છે
પણ મને તૂ સંસારની જંજાળમાં છોડી ગઈ...
મારા માથા ઉપર કોણ હાથ ફેરવશે ?
મને કોણ નેમ કરશે તારા જેવો ?
તારી ઓછપ મને આખી જીંદગી રહશે
તું તો મારા હૃદયના ધબકારામાં એક જગ્યા ખાલી કરી ગઈ,
તારી જગ્યા હું કોઈને આપી શકતી નથી...
મને અને પપ્પુને તારા જેવા મજબુત બનવું છે
પારસ ચિરાયુ, પેરીન ઘારા ગૌરવ પરમ કશિશ તને
યાદ કરીને રડે છે
તારી લાડકવાઈ પૌત્રી દિયા 'દાદી' 'દાદી' કરે છે
ચમકતા તારલા જેવી તારી સેજલ વહુની આંખોમાંથી
આંસુ વહે છે
સૌથી વહાલા પુત્ર કમલેશની આંખોમાથી
અશ્રુની ધાર વહે છે
જયા કાકી, માં, નિતુ, સ્મિતા કહે છે,
તું અમારા હૃદયમાં વસે છે
તારા હિરા જેવા જમાઈ જયંતીલાલ જીજુ પંકજ, જતીન...
હું શું વાત કરું
તારો સુરજ જેવો તેજસ્વી પારસ 'અક્કા' 'અક્કા' કરે છે અને
કહે છે કે ઘર કેવું ખાલી ખાલી લાગે છે
પારસ કહે છે. 'અક્કાબાઈ તૂ કેમ છે ?'
હવે હું કોને પૂછું ?
મારી તો ખરી મા તું હતી
મારા અને તારા સંબંધ કોઈ નહીં સમજે
અમને અમારા આંસુ લુંછવા શક્તિ અને હિમંત આપજે
તું ચિંતા નહી કરજે તને યાદ કરતા કરતા અમો જીવીશું,
નણ તારા આશિષ સદાય અમારા ઉપર રહે
હે માં, અમો બધા તને નતમસ્તક વંદન કરીએ છીએ
ભગવાન તારા આત્માને શાંતિ આપે એવી જ પ્રાર્થના

- તારી ચંદ્રમાં જેવી વહાલી દીકરી રેણુ (બાયા)

**સૌ. રેણુ પી. ગોશર, મુલુંડ**

## બાબા રામદેવની મંદિરોને બદલે કોલેજો તરફ ધ્યાન આપવાની ટકોર ક.દ.ઓ. જ્ઞાતિને લાગુ પડતી નથી




પ્રકાશ સમીક્ષાના અંક નં. ૧૬માં બાબા રામદેવની જૈનોએ મંદિરોને બદલે શૈક્ષણિક સંસ્થાઓ તરફ વધુ ધ્યાન આપવાની જરૂર છે એવી ટકોર કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિને લાગુ પડતી નથી.

કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના હુબલી ખાતે ભરાયેલા બીજા સંમેલનના ઠરાવ નં. ૨૨માં સમયાનુરૂપ શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરવાનું ધ્યેય રાખવામાં આવ્યું હતું. આ ઠરાવ અનુસાર ઈ.સ. ૧૯૮૦માં ક.દ.ઓ. જૈન ફાઉન્ડેશન નામે એક ચેરીટેબલ ટ્રસ્ટી રજીસ્ટર કરવામાં આવ્યું જેનો ઉદ્દેશ આગામી ૫-૧૦ વરસમાં શૈક્ષણિક સંકુલ ઊભું કરીને ઉચ્ચ ક્ષમતા અને આત્મવિશ્વાસવાળા એવા યુવાનો તૈયાર કરવાનો હતો જે પોતાના રુચિના વિષયમાં પોતાને માટે લાભકારી કારકીર્દી બનાવી શકે.

ઉપરોક્ત હેતુને ધ્યાનમાં લઈને હુબલીમાં (૧) મેનેજમેન્ટ વિદ્યાના અભ્યાસ માટેનું કેન્દ્ર (૨) રોજગાર કેન્દ્ર અને (૩) સઘન તાલીમ કેન્દ્ર શરૂ કરવામાં આવેલા.

જો કે પાછળથી આ ફાઉન્ડેશનના ટ્રસ્ટી પદ માટે વિખવાદ ઊભો થયો અને સંસ્થાના ઉદ્દેશનું મહત્ત્વ ઘટી ગયું. તેને કારણે તેના કામમાં વિક્ષેપ આવ્યો. આ વિવાદ ફાઉન્ડેશન માટે મરણ તોલ ફટકા સમાન નિવડ્યો અને તેથી તેના ઉદ્દેશ પાર પાડી શકાયા નહીં.

પણ નોંધપાત્ર વાત એ છે કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિએ ઘણા સમય પહેલાં બાબા રામદેવ અત્યારે જૈન સમુદાયને માટે જે સુચવી રહ્યા છે તેનું મહત્ત્વ પીછાણ્યું હતું અને એ દિશામાં પગલા પણ ભરવામાં આવ્યા હતા.

આ પગલા શા માટે ફળદાયી ન નિવડ્યા તે અલગ વાત છે પણ આપણી આજની યુવા પેઢીને માટે જાણવું રસપ્રદ રહેશે કે શિક્ષણની બાબતમાં કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ હંમેશા સમય સાથે ચાલવામાં માનતી આવી છે.

**- લક્ષ્મીકાંત બી. લાપસીયા**


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1984...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 766668881

## સંતાન સાથે વિવાદ નહીં, સંવાદ કરો...

લગ્ન થાય એટલે યુગલ મા-બાપ તો બની જાય એ પૂરતું નથી. આજે પરિવારમાં મમ્મી-પપ્પા અને સંતાન વચ્ચે અંતર વધી રહ્યું છે. મમ્મી-પપ્પા માને છે કે સંતાન અમારું સાંભળતું નથી. આ સામે સંતાન ફરિયાદ કરે કે મૉમ-ડૅડ મને સમજતાં નથી આવી પરિસ્થિતિમાં મા-બાપને સમજતું નથી કે સંતાન સાથે કેવું વર્તન કરવું ? કેવી રીતે વર્તવું ?

વડોદરાનાં કાઉન્સેલર ગીતાબેહન સિકંદર જે આ શહેરની નવરચના અને વિદ્યાની સ્કૂલ પ્રિ-પ્રાઈમરીના હેડ છે. ૧૫ વર્ષથી કાઉન્સેલર તરીકે સેવા આપી રહ્યા છે, તેઓ કહે છેઃ આજના સમયમાં બાળઉછેર ખૂબ નાજુક બાબત છે. સૌ પ્રથમ તો સંતાન સાથે શરતથી વ્યવહાર ન કરાય. મમ્મી-પપ્પા પોતાના સંતાન સામે મોટા ભાગે શરત મૂકતાં હોય છેઃ જો તું હોમવર્ક પૂરું કરીશ તો ક્રિકેટ રમવા મોકલીશું. જો તું કાર્ટૂન નહીં જુએ તો મિલ્ક ચૉકલેટ અપાવીશું. સંતાનને લાંચ ન આપો. બીજી એક ખાસ વાત. આજનાં મા-બાપ પોતાની અનુકૂળતાએ સંતાન સાથે સમય વિતાવે છે. એ ન ચાલે. સંતાનની અનુકૂળતા પ્રમાણે મમ્મી-પપ્પાએ એને સમય આપવો પડે. દિવસમાં પંદરથી ત્રીસ મિનિટ માત્ર સંતાન સાથે ગાળો. એ પણ એના સમયે. સાથે એને ખાતરી કરાવો કે તમે હંમેશાં એની સાથે છો. એને ઑફિસેથી ફોન કરીને પૂછો કે દિવસ કેવો રહ્યો ? એને મુન્નાભાઈની જેમ જાદુ કી ઝપ્પી આપો. એને પ્રેમ અને હૂંફની જરૂર છે, જે માત્ર મા-બાપની આપી શકે. પરિવારમાં દરેકે પોતાની તંદુરસ્તી સારી રાખવી પડે તો જ સંતાનની સારી કાળજી કરી શકાય. થાકેલા અને હારેલા મૉમ-ડૅડ મોટા ભાગે ગુસ્સો જ કરે. પરિણામે સંબંધોમાં તણાવ આવે.

આજે પણ કેટલાક પરિવારમાં પિતા કે માતા એક ઑથોરિટી હોય એવી રીતે વર્તે છે. એ લોકો સંતાનને સ્વતંત્રતા નથી આપતાં. એને જાતે કોઈ નિર્ણય નથી લેવા દેતાં. પરિણામે સંતાન કોઈ નિર્ણય લેવા કાબેલ બનતું નથી. એનું વ્યક્તિત્વ નકારાત્મક બને છે. એનો અર્થ એ નથી કે એને સ્વચ્છંદી બનાવી દેવાનું. એને એની મર્યાદા પણ બતાવવાની. સંતાન સાથે તંદુરસ્ત ચર્ચા કરવી જરૂરી છે. એની પ્રગતિ વિશે જાણકારી મેળવો. એની સાથે વિવાદ નહીં, સંવાદ કરો. પછી કોઈ ફરિયાદ નહીં રહે.

– ચિત્રલેખામાંથી સાભાર


આવો
ભાવ
રહે હંમેશા

પાંજી બેંક
અરિહંત કો.-ઓપ. બેંકની
રસાકસીભરી ચૂંટણીમાં
મને સારા મતે... સારા ક્રમે
ચૂંટવા બદલ
સૌ મતદારો અને હિતેચ્છુઓનો
ખૂબ ખૂબ આભાર !
આવી રીતે હંમેશા વિશ્વાસ અને
આદરનો આપણો નાતો કાયમ રહે
એજ અભ્યર્થના. પુનઃ ધન્યવાદ !



શાહ ગુલાબ ડુંગરશી (ધરમશી)
મુલુંડ, મુંબઈ – સાંધાણ, કચ્છ



આયરીસ બેંક્વેટ એ.સી. હૉલ
Iris Banquette





Ideal For :
• ENGAGEMENT
• WEDDING
• BABY SHOWER
• CONFERENCE
• GET TOGETHER
• MEETING - SEMINAR &
• ALL JOYOUS OCCASION

• સગપણ વિધિ
• લગ્નોત્સવ
• શ્રીમંત પ્રસંગ
• કોન્ફરન્સ
• ગેટટુગેધર
• મિટીંગ – સેમિનાર
બધા શુભપ્રસંગો
માટે આદર્શ

Contact : Arvind Dand (Bayath) - 9892036390
Jayesh Dagha (Varadiya)- 9702144031 / 25905257 / 67988758
Add.: Purshottam Kheraj Estate, Dr.Rajendra Prasad Road,
Near Gyan Sarita School, Mulund(W), Mumbai - 80.

આપના શુભ પ્રસંગની બધી વ્યવસ્થા આત્મીયતાભાવે
સોંપી જવાબદારી મુક્ત થઈ પ્રસંગ માણો

સમાચાર સંકલન — સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## મોટી ધૂફી અને નાની ધૂફી ગામે વાછરા દાદા

મોટી ધૂફી અને નાની ધૂફી ગામે વાછરા દાદાના નવનિર્મિત મંદિર તેમજ પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ પહેડી પ્રસાદનો લાભ માતુશ્રી વિમલાબેન ઠાકરશી લાલજી પટેલ, સાંધવવાળાએ લીધેલ.

## કચ્છ સાંધવ ગામ

કચ્છ સાંધવ ગામે લાલછતા પીરની પહેડી પ્રસાદ સાંધવ ગામે લાલછતા પીરના પ્રાંગણમાં તા. ૧૮-૦૪-૨૦૧૬ સોમવારના શ્રી શામજી નરશી દંડ પરિવાર તરફથી રાખવામાં આવેલ. સર્વે ગામવાસીઓ પહેડી પ્રસાદનો લાભ લીધેલ.

## શ્રી પ્રગતિ મહિલા મંડળ મોટી સિંધોડી

શ્રી પ્રગતિ મહિલા મંડળ મોટી સિંધોડી દ્વારા નેમ યુથ ફોરમ ના સથવારે વર્ષનો બીજો કાર્યક્રમ-વન ડે પિકનીક ૧ મે રવિવાર, રોયલ ગાર્ડન રીસોર્ટમાં રાખવામાં આવેલ. ૩૦ સભ્યો કે રોમાંચક વોટર રાઈડસ, ડેશીંગ કાર, ૭૦ એક તથા કમિટી સભ્યો દ્વારા રમાડવામાં આવેલ અવનવી રમતોનો ભરપૂર આનંદ માણ્યો હતો. રમતોના વિજેતા ઓને મંડળ દ્વારા ઈનામો પણ આપવામાં આવ્યા હતા.

સભ્યોએ જતી વખતે શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય - મુલુંડ તથા વળતી વખતે શ્રી સીમંધર સ્વામી જિનાલય - લોઢાધામ ના દર્શનનો પણ લહાવો લીધો હતો.

## કોઠારામાં ભલારા દાદાની ધ્વજા

કચ્છ કોઠારામાં ભલારા દાદાની ધ્વજાનો કાર્યક્રમ શુક્રવાર તા. ૨૨-૪-૨૦૧૬ના ગામવાસી તેમજ બહારગામના ભાવિકોના સહભાગ સાથે ઉજવાયો હતો. આ સાથે પુડશા દાદાઓની ગંધી બદલવાનોના કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતા.

## સાંગલીમાં સૂરિ ગુરુ ગુણની દીક્ષા તિથિ નિમિત્તે ગુણાનુવાદ કાર્યક્રમ

સાંગલીમાં સર્વોદય સાગરજી આદિ ઠાણાની નિશ્રામાં ચૈત્ર વદ આઠમના દીને શ્રી અમીઝરા પાર્શ્વનાથ જિનાલય ઉપાશ્રયમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.ની ૭૮મી દીક્ષા તિથિએ ગુણાનુવાદ થયા.

## કારંજા/મૂર્તિજાપુર મહિલા મંડળ

કારંજા/મૂર્તિજાપુર મહિલા મંડળની તા. ૧૩-૩-૨૦૧૬ ની મિટીંગ સૌ હંસા લલીત ગોસરના ઘરે રાખવામાં આવેલ. ૨ ગેમ રમાડવામાં આવી. પહેલી ગેમમાં પહેલા વિજેતા સૌ. દર્શના હરીષ ગોસર અને બીજા વિજેતા સૌ. વિદ્યા દેવાંગ લોડાયા આવેલ. બીજી ગેમમાં પહેલા વિજેતા સૌ. હર્ષા નિશાંત ગોસર અને બીજા વિજેતા સૌ. નેહલ આશીષ મોતા આવેલ.

મંચની તા. ૨-૪-૨૦૧૬ની મિટીંગ સૌ. વિદ્યા દેવાંગ લોડાયાના ઘરે રાખવામાં આવેલ. ૨ ગેમ રમાડવામાં આવી. પહેલી ગેમમાં વિજેતા સૌ. હર્ષા નિશાંત ગોસર અને બીજા વિજેતા સૌ. પાયલ જીનન લોડાયા આવેલ. બીજી ગેમ હાઉઝીમાં વિજેતા આવેલ સૌ. કોમલ દિલીપ લોડાયા, સૌ. રૂપા નંદીષ લોડાયા, સૌ. રાશી રાહુલ ગોસર.

## શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંચ - ધુલિયા

શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંચ ધુલિયા દ્વારા ફાગણ સુદ ચોથને શનિવાર તા. ૧૨-૩-૨૦૧૬ના રોજ વિશ્વ મહિલા દિનની ઉજવણી પ્રસંગે મહિલા મંચની સભા સૌ. ચેતનાબેન જયેશ ભાટેના પ્રમુખપણા હેઠળ શ્રી ક.દ.ઓ. જૈન બોર્ડીંગમાં મળેલ. વિશ્વ મહિલા દિનની ઉજવણી રૂપે જ્ઞાતિની વરિષ્ઠ મહિલાઓને વિશેષ રૂપે આમંત્રિત કરવામાં આવેલ.

પ્રમુખશ્રીએ સ્વાગત પ્રવચનમાં મહિલા વિશે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરેલ. મહિલા મંચ તરફથી વિશેષ અતિથી રૂપે પધારેલ વરિષ્ઠ મહિલાઓને એક સુંદર સ્મૃતિ ભેટ આપી અભિવાદન કરવામાં આવેલ. શ્રીમતિ હિરાવંતીબેન મણિલાલ લોડાયાએ સુંદર કવિતા દ્વારા મહિલા દિવસ અંગે પોતાના મનોગત વ્યક્ત કરેલ. મંચની બહેનો તથા પધારેલ


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

'અરિહંત બેંકની નવી ટીમને અભિનંદન'
ચુંટાયેલા સૌ ડાયરેક્ટરોને એમની જ્ઞાતિ સેવા માટેની કટીબધ્ધતા માટે સલામ...! માત્ર એક 'ટીમ' બની પાંજી આદર્શ બેંકને નવી ઊંચાઈએ લઈ જવા શુભેચ્છાઓ...
- ચીમન મોતા તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

જ્ઞાતિની બહેનોએ પણ પોતાના મંતવ્યો રજૂ કરેલ.

પધારેલ વડીલોએ મહિલા મંચને પ્રોત્સાહન રૂપે રોકડ ભેટ આપેલ. આભાર વિધિ મંચના ખજાનચી સૌ. ભાવનાબેન હેમેન લોડાયાએ કરેલ. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન સેક્રેટરી સૌ. પ્રીતિબેન કાજલ મોમાયાએ કરેલ.

મહિલા મંચ ધુલિયાની સભા ચૈત્ર સુદ પાંચમને સોમવાર, તા. ૧૧-૪-૨૦૧૬ના રોજ સભ્ય સૌ. મનિષાબેન વિનોદ ભાટેના નિવાસસ્થાને સૌ. ચેતનાબેન જયેશ ભાટેના પ્રમુખ-પણા હેઠળ મળેલ. સૌ. મનિષાબેને ફ્રુટ ડેકોરેશનની સ્પર્ધાનું આયોજન કરેલ. જેમાં પ્રથમ સૌ. નમ્રતાબેન આશિષ સોની તથા દ્વિતીય સૌ. ચેતનાબેન જયેશ ભાટે વિજેતા થયેલ. નિર્ણાયક તરીકે સૌ. સેજલબેન પરેશ શાહએ સેવા આપેલ. સૌ. મનિષાબેને તેમનો પરિચય આપેલ અને સૌ. ચેતનાબેન ભાટેના હસ્તે શ્રીફળ અને પુષ્પથી સન્માન કરેલ.

સૌ. મનિષાબેને ગૃહઉદ્યોગ વિષય પર માહિતી આપેલ. ચિત્ર પરથી કેહવત લખવાની પેપરગેમ રમાડેલ જેમાં પ્રથમ સૌ. પ્રીતિબેન કાજલ મોમાયા તથા દ્વિતીય સૌ. પ્રેરણાબેન વરુણ ભાટે વિજેતા થયેલ. સરપ્રાઈઝ ગેમમાં સૌ. શીતલબેન પરેશ ભાટેને ઈનામ મળેલ. વિજેતાઓને સૌ. મનિષાબેન તરફથી શ્રીમતિ મેનાબેન અમરચંદ ડાઘાના હસ્તે ઈનામ આપવામાં આવેલ.


જય આશાપુરા મા નમઃ



જય માતાજી, સહર્ષ જણાવવાનું કે **મોટી સિંધોડી ગામના કુળદેવી મા આશાપુરા** ને નમતા સર્વે ભાવિકો અને ગામની નિયાણી બહેનોને નવરાત્રિમાં માતાના મઢે **પદયાત્રામાં જોડાવવાનું ભાવભર્યુ આમંત્રણ છે.**

આ યાત્રા **તા. ૦૫.૧૦.૨૦૧૬** થી મુંબઈ થી ભુજ તથા **તા. ૦૮.૧૦.૨૦૧૬** ના ભુજથી મુંબઈ પરત આવવાનું રાખવામાં આવ્યું છે.

સર્વે ભાવિકોએ તથા નિયાણી બહેનો એ **તા. ૩૦.૦૫.૨૦૧૬** સુધી નામ નોંધાવી લેવા. આ યાત્રા કાર્યક્રમ માટેના ચાર્જ રૂા. ૧૫૦૦/- રાખવામાં આવેલ છે.

**મા આશાપુરાની દસમી પહેડી તા. ૨.૧૦.૨૦૧૬ના દિવસે ડોંબિવલી મુકામે ઠાકુર હોલમાં રાખેલ છે.**

પહેડીના દાતા : **સ્વ. જયાબેન દેવશી પદમશી મૈશેરી પરિવાર**

-: સંપર્ક :-

| | |
|---|---|
| ભરત નરશી મૈશેરી - 08097131368 | દર્શક ખુશાલ મૈશેરી - 09825166453 |
| ચંદુલાલ દામજી મૈશેરી - 09833151258 | ક્રીકેશ ઝવેરચંદ મૈશેરી - 09594704931 |
| વિજય શીવજી મૈશેરી - 09323152388 | પ્રફુલ દામજી મૈશેરી - 09323257016 |
| રમેશ દેવશી મૈશેરી - 09769043763 | હીરાચંદ કુંવરજી મૈશેરી - 09302524757 |

**ભુઈમા ખમાવંતી ગુલાબ મૈશેરીના સર્વે ને જય માતાજી.**



# Shree KDO Jain Gnati Mahajan Mumbai

Organises

## APTITUDE TEST

for 9th, 10th, 11th, 12th
KDO STUDENTS

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

Education Committee

- Why Aptitude Test?
- To know Potential of Student
- Over all performance
- Natural abilities
- Career & Educational Direction
- **This/Any Aptitude Test has been made compulsory for all KDO Higher Education Loans.**

**Venue :**
**SETH SHRI NARSHI NATHA A/C HALL**
Anant Siddhi, L.B.S. Road, Bhandup (W), Mumbai-400 078.
**Date : 29th May 2016,**
Sunday, from 9 am
Followed By Lunch

After Lunch : Vocational Courses Seminar for skill development and immediate placement .

**So enroll your name as early as possible.**

CONTACT

**Shri KDO Jain Gnati Mahajan, Mumbai**
Shri Anantnathji Maharaj Jain Derasarji, 302/306, Narshi Natha Street, Mumbai -400 009. **Tel.:** 022-23448274 **Time :** 11:00 am to 6:00 pm

REGISTRATION
₹100/-

Last Date :
25TH MAY 2016

**CONTACT**
**ANUJ** LODAYA - 9579787800

**CONVENER**
**JATIN** DHARAMSHI - 9819844651 | JALPA LODAYA - 9867615913

| નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું) | |
|---|---|
| **નિતિન એચ. લાપસીયા**<br>(PS 6282) | ૪૦૬ સત્યમ ટાવર, ૪થે માળે, ટ્રાંસપોર્ટ નગર, ગોવર્ધન વિલાસ, બલીચા, ઉદયપુર - ૩૧૩ ૦૦૧. |
| **રમેશ એલ. મોમાયા**<br>(PS 4223) 9925610758 | પ્લૉટ નં. ૭૮, ન્યુ આદિત્ય સોસાયટી, WAR-9/BD, રામદેવપીર સોસાયટી સામે, ગોપાલપુરી, ગાંધીધામ ૩૭૦ ૨૪૦ |
| **પ્રતાપ ધનજી નાગડા (ભાણાવાલા)**<br>(PS 2068) | એ-૧૧૦૨, સાઈનાથ હાઈટ્સ, નીલમ નગર ફેસ ૨, જૈન દેરાસર પાસે, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. |
| **તેજકુમાર ડી. ખોના**<br>(PS 6703) 9021623756 | બીએસ-૪, શાંતિ નગર, ૨જે માળે, ગુજરાતી બિલ્ડીંગ પાસે, જુના જૈન પાઈપ રોડ, જલગામ ૪૨૫ ૦૦૧. |
| **હિતેન નવીનચંદ્ર શાહ (દંડ)**<br>M. : 9833132040 | આઈ-૨૦૨, યશવંતગૌરવ એપ્પલ બિલ્ડીંગ નં. ૨, વિરાર-વસઈ લીંક રોડ, નિલેમોર, નાલાસોપારા (વેસ્ટ) ૪૦૧ ૨૦૩. |
| **યશરાજ તુષાર બીપીનચંદ્ર શાહ (નાગડા)**<br>M. : 09773495157 | એ-૧૦૧, રાજધામ, અપૂર્વ હોસ્પીટલની પાછળ, કોપર રોડ, ડોમ્બીવલી (વેસ્ટ) ૪૧૨ ૨૦૨. |
| **દેવેન નિતિન શાહ (લોડાયા)**<br>M. : 9867990590/9930686849 | બી-૨૦૮, પરીમલ બિલ્ડીંગ, ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| **હુકમચંદ જે. ધરમશી**<br>(PS 2407) M. : 9702036330 | ૩૦૧/૩૦૨, ગ્રીન એકર્સ-૩બી, ૩૨૫ લોખંડવાલા કોમ્પલેક્સ, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૩. |
| **ધર્મેશ લખમશી ખોના**<br>(PS 3763) | જય લક્ષ્મી કૃપા બિલ્ડીંગ, એ વિંગ, રૂમ નં. ૧૦૫, ગોપાલ નગર-૩, કલ્યાણ રોડ, મંજુનાથ સ્કુલની બાજુમાં, ડોમ્બીવલી (ઈસ્ટ) ૪૨૧૨૦૧. |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૩-૧૬ | થાણા | અમાયરા, હર્ષ રવિન્દ્ર નાગડા | નલીયા | પુત્રી |
| ૧૫-૦૩-૧૬ | ચેન્નાઈ | અર્જુન, અશ્વિની પ્રવિણ | કોઈમ્બતુર | પુત્ર |
| ૦૨-૦૪-૧૬ | ડોમ્બીવલી | જશ, રીંકલ મેહુલ ઉમરશી વિકમશી | કોઠારા | પુત્ર |
| ૦૩-૦૪-૧૬ | ડોમ્બીવલી | જીયાન, બીના પરાગ અશ્વીન લોડાયા | દલતુંગી | પુત્ર |
| ૨૦-૦૪-૧૬ | મુલુંડ | પ્રેરિત, હિતાંક્ષી રૂષભ લલીત ધરમશી | નલીયા | પુત્ર |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૫-૧૬ | સાયન | પ્રિયાંશ સંજય મુલજી મારુ | સાંભરાઈ | ૨૬ |
| | માટુંગા | દેવાંશી મનીષ હીરજી લાલકા | સુજાપુર | ૨૬ |
| ૦૨-૦૫-૧૬ | યુએસએ | મીત નવનીત પટેલ | અમદાવાદ | ૨૯ |
| | યુએસએ | ડેલીશા દુષ્યંત મૈશેરી | લાલા | ૨૭ |

### સગપણ છૂટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૧-૧૬ | કોઈમ્બતુર | સમીર રાજેશ ધરમશી | સુથરી | ૨૭ |
| | વડાલા | નિકીતા અશ્વિન વિશનજી દંડ | દલતુંગી | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૩-૧૬ | ઔરંગાબાદ | વિવેક જયેશ દેવચંદ ધરમશી | રંગપુર | ૨૭ |
| | ચુનાભટ્ટી | મેઘા કિશોર વિરજી કારાણી | ખરના | ૨૬ |
| ૧૭-૦૪-૧૬ | મડગાંવ | અમુલ દીપક સોની | સાંયરા | ૨૮ |
| | કોપર ખૈરાને | મનાલી જગદીશ મોતા | લાખણીયા | ૨૭ |
| ૨૬-૦૪-૧૬ | ડોમ્બીવલી | નીરવ નવીન રાયશી મૈશેરી | બાંઢીયા | ૨૬ |
| | નાહુર | તેજલ (દિશા) મહેન્દ્ર ઉમરશી નાગડા | નલીયા | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૫-૧૬ | પારડી | ધીરૂભાઈ દેવજી ગોવિંદજી મૈશેરી | રાપર ગઢવારી | ૬૫ |
| ૦૩-૦૫-૧૬ | કોઈમ્બતુર | વિમલાબેન હીરાચંદ શીવજી ખોના | બારોઈ | ૮૨ |
| ૦૪-૦૫-૧૬ | પુણે | સુશીલાબેન બંકિમચંદ્ર લાપસીયા | દલતુંગી | ૭૬ |



# અભિનંદન !



## મુકેશ દામજી મૈશેરી (લાલા-મુલુંડ)

**રેકોર્ડબ્રેક વોટથી શ્રી અરિહંત કો. ઓ. બેન્ક લિ.ના**
**ડિરેક્ટરપદે ચૂંટાવા બદ્દલ મુકેશભાઇને અભિનંદન !**

મહેનત, પ્રામાણિકતા અને સમાજસેવા જેમની રગેરગમાં
વહે છે એવા અમારા અંગત, પરમ મિત્ર મુકેશભાઇને
જૈન ધર્મના વિચારો ગળથૂથીમાં પ્રાપ્ત થયા છે.
એમના ઘણા પરિવારજનોએ દીક્ષા લઇ
જૈન ધર્મ માટે આયખું અર્પણ કર્યું છે.
વિકાસલક્ષી કાર્યોથી સમાજ અને જ્ઞાતિને મુકેશભાઇ
સફળતાના શિખરે પહોંચાડે એવી

**શુભેચ્છાઓ !**

**માતુશ્રી નવલબહેન નવીનચંદ્ર ધરમશી ચેરિટેબલ ટ્રસ્ટ**
**સંજય અને કલ્પેશ નવીનચંદ્ર ધરમશી**
**(સુથરી-પૂણે-મુંબઇ)**

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## કલા અને સૌંદર્યની નગરી : સિએના

– ચંદ્રિકા લોડાયા, જન્મભૂમિમાંથી સાભાર







કળાના ચાહકો માટે વિશ્વમાં અમુક શહેરો જોવાં અવિનાર્ય છે. સિએના એમાનું એક છે. ઉપરાંત એ સ્વચ્છતા, સંસ્કૃતિ અને સ્થાપત્યો માટે પણ હૈયે ઉતરી જનારું છે. ઈટાલીમાં ટસ્કની પ્રાંતમાં આવેલું સિએના એક મધ્યકાલીન શહેર છે. ટસ્કનીનો એક હિસ્સો સિએના પ્રાંત તરીકે ઓળખાય છે, એની રાજધાની આ સિએના શહેર છે.

અમે એક દિવસ ત્યાં ગાળવાનું નક્કી કર્યું. સેન જિમિંગ્યાનો પાસે આવેલા અમારા ફાર્મહાઉસથી એકાદ કલાકનો રસ્તો હતો. કુદરતનું સૌંદર્ય માણતા અમે ત્યાં પહોંચ્યા. યુરોપિયન શહેરોમાં મોટાભાગે શહેરની મધ્યમાં એક ચોક હોય છે. ચોકની આજુબાજુ દુકાનો હોય, ઉત્સવોની ઉજવણી ત્યાં થાય, સભાઓ યોજાય અને સામાન્ય દિવસોમાં લોકો ત્યાં બેસે, એકબીજા સાથે હળેમળે.

અનુસંધાન ૧૨મે પાને

*Hearty Congratulations!*

**ચિ. ભાવિન પંકજ ખોના**
**(ગામ જખૌ)**

*D.O.B. 18-12-1990*

Bhavin has recently pursued Management Studies (MBA) in Business Design (Design Thinking & Innovation). He has now joined Pragmatix Services Pvt. Ltd. as a Business Analyst in Business Intelligence & Analytics, Financial Services domain. He also holds a distinction degree in Electronics Engineering (B.E.) from Mumbai University and has his prior stints with companies like Accenture and Reliance Jio



**ચિ. ભાવિન ને એન્જીનીયરીંગ (B.E.) અને MBA પદવી મેળવી તે બદલ અભિનંદન તથા ઉજ્જવલ ભવિષ્ય માટે શુભકામના !**

*"Wishing him good luck for all his future endeavors"*

**શુભેચ્છક :**
દાદાણા : માતુશ્રી પ્રેમીલાબેન પદમશી ખોના (જખૌ-મુલુંડ)
નાનાણા : માતુશ્રી પ્રભાવન્તીબેન સોમચંદ દંડ (લાલા-મુલુંડ)
માતા-પિતા : અ.સૌ. જયશ્રી પંકજ ખોના (જખૌ-મુલુંડ)
ભાઈ : કેવલ પંકજ ખોના

bhavinkhona18@gmail.com
Contact : Pankaj - 93238 66334

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,